

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 37,(SURAT), DATE-04/03/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૩૭, (સુરત), તા.૦૪/૦૩/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 કડોદમાં કબ્રસ્તાનની જમીનમાં ઈબાદતગાહ બનાવાયાની રાવ, લાઉડ સ્પીકર મુદ્દે વિરોધ

3 સુરત જિલ્લા કોગ્રેસ સમિતિ દ્વારા અગત્યની કારોબારીની બેઠક યોજવામાં આવી

4 દક્ષિણ ગુજરાતના ક્ષેત્રીય પ્રભારી પ્રશાંત કોરાટની ઉપસ્થિતિમાં સંગઠન મજબૂત બનાવવા માર્ગદર્શન

## મિડલ ઈસ્ટ યુદ્ધઃ ભારત પાસે ૨૫ દિવસનો ઓઈલ સ્ટોક, પેટ્રોલ-ડીઝલના ભાવ નહી વધેઃ સૂત્ર

અમેરિકા-ઇઝરાયલના હવાઈ હુમલા બાદ ઈરાન સાથે વધતા તણાવ અને મધ્ય-પૂર્વમાં ફાટી નીકળેલા યુદ્ધ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સરકારી સૂત્રોએ દાવો કર્યો કે, ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠા બાબતે ભારત હાલ સુરક્ષિત સ્થિતિમાં છે. સરકારના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ દાવો કર્યો કે, ૧ક્રૂડ ઓઈલ, કડ અને કગ ના સંદર્ભમાં આપણે અત્યારે ઘણી સારી સ્થિતિમાં છીએ. આપણી પાસે ક્રૂડ ઓઈલનો ૨૫ દિવસનો રિઝર્વ સ્ટોક છે અને અન્ય ૨૫ દિવસનો સ્ટોક ટ્રાન્ઝિટમાં (આવી રહ્યો) છે.



**હરદીપસિંહ પુરીએ આપી માહિતી-** ગયા મહિને ઓઈલ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, ભારતનો વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ વૈશ્વિક ઉથલપાથલના સમયે ૭૪ દિવસની માંગને પૂરી કરી શકે તેટલો સક્ષમ છે. અમે અમારા અનામત જથ્થાની ગણતરી માત્ર સ્ટોરેજ (ભફ્દયક્ષિત)માં જ નહીં પરંતુ રિફાઇનરીઓમાં રહેલા જથ્થાના આધારે પણ કરીએ છીએ.

**હોર્મુઝની ખાડી બંધ થતા ચિંતા વધી-** વિશ્વના કુલ તેલ પરિવહનનો પાંચમો ભાગ જયાંથી પસાર થાય છે તે 'હોર્મુઝની ખાડી' ઈરાને બંધ કરી દેતા ઊર્જા સંકટની આશંકા વધી છે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સલાહકાર ઇબ્રાહિમ જબ્બારીએ સત્તાવાર જાહેરાત કરી છે કે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દેવામાં આવી છે.

બીજી તરફ, ઈરાને ચેતવણી આપી છે કે, જે પણ અહીંથી પસાર થવાનો પ્રયત્ન કરશે તેને અમારી નેવી તબાહ કરી દેશે. અમે આ પ્રદેશની પાઇપલાઇન્સ પણ નિષ્ક્રિય કરી દઈશું અને ઓઈલની નિકાસ થવા દઈશું નહીં. અમે તેલનું એક ટીપું પણ પહોચવા દઈશું નહીં.

**યુદ્ધની ગંભીર અસર-** હોર્મુઝની ખાડીમાં સામાન્ય રીતે દરરોજ ૧૦૦ થી વધુ જહાજો પસાર થાય છે, પરંતુ રવિવારે માત્ર ૩ અને સોમવારે માત્ર ૧ ટેન્કર પસાર થઈ શક્યું હતું. ખાડી પાર કરવાનો પ્રયાસ કરી રહેલા ઓછામાં ઓછા ૬ જહાજ પર હુમલો કરાયો હતો.

હાલ આ ખાડીની બંને બાજુ ૭૦૦ થી વધુ ટેન્કરો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈ અને સૈન્ય નેતૃત્વના હવાઈ હુમલામાં મોત બાદ ઈરાને આ કડક પગલું ભર્યું છે. જેના કારણે અત્યાર સુધીમાં લગભગ ૯૦% ક્રૂડ ટ્રાફિક અટકી ગયો છે.

## ઈરાનમાં યુદ્ધ વચ્ચે પાકિસ્તાન સળગ્યું! અમેરિકાની એમ્બેસી પર હુમલા બાદ ૩૫ના મોત



ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈના મોતના સમાચાર બાદ પાકિસ્તાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા હુમલામાં ખામેનેઈના મૃત્યુના વિરોધમાં પાકિસ્તાનના અનેક શહેરોમાં હિંસક પ્રદર્શનો શરૂ થયા છે. ખાસ કરીને કરાચી, લાહોર અને સ્કારદુ જેવા શહેરોમાં દેખાવકારોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૩૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. કરાચીમાં શિયા સંગઠનોએ અમેરિકન કોન્સ્યુલેટ પાસે તોડફોડ અને આગજની કરી હતી, જેને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યો હતો અને જવાબી કાર્યવાહી કરવી પડી હતી.

કરાચીમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની હિંસક અથડામણમાં ૧૬ લોકોના મોત થતા સ્થિતિ અત્યંત ગંભીર બની છે. આ ઉપરાંત સ્કારદુમાં દેખાવકારોએ અમેરિકન ઓફિસને આગ ચાંપી દેતા ૭ લોકોના જીવ ગયા છે, જયારે ઈસ્લામાબાદ અને ગિલગિટમાં પણ હિંસાના કારણે અનેક મોત નોંધાયા છે. પરિસ્થિતિને જોતા કરાચી પ્રશાસને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત સખત કરી દીધો છે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસે પણ લોકોને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ન જવા માટે ચેતવણી આપી છે.

માત્ર પાકિસ્તાન જ નહીં, પરંતુ ઈરાનની રાજધાની તેહરાન અને ઈસ્ફહાનમાં પણ ખામેનેઈના સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અમેરિકા અને ઈઝરાયલ વિરોધી સૂત્રોચ્ચાર સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## કામરેજ વિધાનસભામાં ટિફિન બેઠક યોજાઈ

### સાથ, સહકાર અને સહભોજન સંગઠનનો મૂળ મંત્ર સાથે કાર્યકર્તાઓમાં નવી પ્રેરણાઃ યુવા શક્તિમાં સંગઠનાત્મક ઉર્જાનો સંચાર



ચલથાણ-ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ તથા વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષીની વિશેષ ઉપસ્થિતિમાં ૧૫૮-કામરેજ વિધાનસભા ખાતે 'ટિફિન બેઠક' સફળતાપૂર્વક યોજાઈ હતી. આ બેઠકમાં યુવા કાર્યકર્તાઓમાં સંગઠન પ્રત્યેની નિષ્ઠાઁ અને ઉત્સાહ સ્પષ્ટ રીતે જોવા મળ્યો.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી ડો. ભાવિન શિરોયા, પૂર્વ ધારાસભ્ય વી.ડી. ઝાલાવાડિયાજી, સુરત જિલ્લા યુવા મોરચા પ્રમુખ દર્શન પટેલ (ઉંભેળ), સુરત મહાનગર યુવા મોરચા પ્રમુખ બિપિનભાઈ તળાવીયા, મહામંત્રીશ્રીઓ તેમજ પ્રદેશ અને સ્થાનિક યુવા મોરચાના પૂર્વ તથા વર્તમાન હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની ગરિમા વધારી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિરના પવિત્ર પરિસરમાં યોજાયેલા આ સ્નેહમિલનમાં ટિફિન ભોજન સાથે સંગઠનને વધુ મજબૂત બનાવવાના ઉપાયો, સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોચાડવાના સંકલ્પ તથા આગામી કાર્યક્રમોની રૂપરેખા અંગે સઘન વિચારવિમર્શ કરવામાં આવ્યો. ડો. હેમાંગ જોષીએ પોતાના માર્ગદર્શનસભર સંબોધનમાં જણાવ્યું હતુ કે, જયારે નેતૃત્વ અને કાર્યકર્તા એક જ પંગતમાં બેસીને સહભોજન કરે છે, ત્યારે સંગઠન માત્ર રાજકીય માળખું ન રહી પરિવારરૂપ બની જાય છે.

રાષ્ટ્રપ્રથમ ના સંકલ્પ સાથે યુવા શક્તિ આવનારા સમયમાં ગુજરાતના વિકાસપથને વધુ વેગ આપશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આ 'ટિફિન બેઠક' દ્વારા કાર્યકર્તાઓમાં સંગઠન પ્રત્યેની એકતા, સહકાર અને સેવા ભાવનાને નવી દિશા મળી હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

## ગોળના કોલાવાળાઓએ શેરડીના રૂ. ૪૪૦૦ ચૂકવતા ખેડૂતોને બખ્ખાં

### સુગર ફેક્ટરી વધુમાં વધુ ૩૫૦૦ નું ચૂકવી શકે ત્યારે વધુ ભાવો મળતાં ખેડૂતોએ રોકડી કરી લીધી

### આવું જ ચાલુ રહ્યું તો સુગર ફેક્ટરીના મૃત્યુઘંટના ભણકારાં

ભરૂચઃ ભરૂચ જિલ્લાના શેરડીના ખેડૂતોને આ વખતે ગોળનાં કોલાવાળાએ શેરડીમાં ટનદીઠ રૂ.૪ ૩૦૦ થી રૂ. ૪૪૦૦ ના ભાવે રોકડી રકમ આપી દેતા ખેડૂતોને દિવાળી જેવો અહેસાસ થયો છે. દક્ષિણ ગુજરાતમાં દાયકાઓથી સહકારી ધોરણે ચાલતી સુગરને લઈને ખેડૂતો સધ્ધર થયા છે. સારું ઉત્પાદન મળે એલ્હાયમાં ભરપુર રાસાયણિક ખાતરનો ઉપયોગ હવે હવે જમીનની ફળદ્રુપતા પર ગંભીર અસરો ઉભી કરે છે અને આ વખતે પણ ઘણી જમીનમાં ખેતીની જગ્યાએ ઈમારતો બની ગઈ છે. હાલમાં ખેડૂતો અને સુગર લોબીને પણ અપેક્ષા હતી કે આ બજેટમાં ખાંડનો લઘુત્તમ ભાવ (હાલમાં) રૂ.૩૧૦૦ છે એ વધારીને રૂ. ૪૦૦૦ કરવામાં આવશે. પણ કેન્દ્ર સરકારે બજેટમાં ખાંડનાં લઘુત્તમ વેચાણ ભાવ (MSP) આ વખતે કોઈ વધારો ન થતા નિરાશ થયા છે. જો કે ભરૂચ, સુરત અને તાપી જિલ્લાના ગોળનાં કોલાવાળાઓએ આદિવાસી પટ્ટામાં ધ્યાન કેન્દ્રિત કરીને શેરડીના ટન દીઠ ભાવમાં લગભગ ૧૪૬ ટકા ઉછાળ્યા છે, જેનાથી નાનકડા ખેડૂતોને સારી રોકડી કરી લીધી છે. સરકારે ભલે શેરડીના ભાવો નક્કી કર્યા બાદ સુગર લોબી મહત્તમ ટન દીઠ રૂ.૩૫૦૦ ભાવો આપી શકે છે, એનાથી વધુ આપવા શક્ય નથી. આવા સમયે જ ગોળના કોલાએ શેરડીના રૂ. ૪૩૦૦ થી રૂ. ૪૪૦૦ ભાવ ચૂકવી દીધા છે.



ઉલ્લેખનીય છે કે સુગર લોબીમાં અંદરખાને ચર્ચા છે કે શેરડીના ભાવોમાં ક્ષણિક ભાવવધારો અને હવે શેરડીની ઉત્પાદકતામાં ઘટાડો લઈને અવઢવમાં છે. જેને લઈને પરિશ્રમી ખેડૂતો શેરડીને છોડીને ડાંગર તરફ વળ્યા છે. જો આગામી વર્ષોમાં કોલાવાળા ખેડૂતોને સારા ભાવો આપે તો સુગર ઉદ્યોગનો મૃત્યુઘંટ નક્કી થાય એવા સંજોગો છે. આવા સમયે ખેડૂતોએ કહ્યું છે કે, અમારે તો પાકના સારા ભાવો જોઈએ.




## ગરમી ચાલુ થાય તે પહેલા જ આઈસ્ક્રીમના નમૂના ફેઈલઃ સુરત મહાનગરપાલિકાના ખાદ્ય પદાર્થોના ચેકિંગમાં દૂધ અને આઈસ્ક્રીમના ૯ નમૂના 'સબસ્ટાન્ડર્ડ' જાહેર

સુરત- આઇસ્ક્રીમ ખાતા લોકો ચેતી જાજો સુરતમાં ગરમી ચાલુ થાય તે પહેલા જ આઈસ્ક્રીમના નમૂનાઓ ફેલ થયા છે. સાથે દૂધના પણ નમૂનાઓ ફેલ થયા છે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં માટે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન લેવામાં આવેલા દૂધ અને આઈસ્ક્રીમના નમૂનાઓમાંથી કુલ ૯ નમૂનાઓ નિષ્ફળ સાબિત થયા છે.



પાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં કરવામાં આવેલા પૃથ્થકરણમાં જાણવા મળ્યું છે કે, એક જાણીતી આઈસ્ક્રીમ પેઢીનો 'કાજુ દ્રાક્ષ' આઈસ્ક્રીમનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે. આ આઈસ્ક્રીમમાં મિલ્કફેટનું પ્રમાણ નિયત ધારાધોરણ કરતા ઓછું મળી આવ્યું હતું. તદુપરાંત, દૂધના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલા તબેલાઓ, ફેરિયાઓ અને ડેરીઓમાંથી લેવામાં આવેલા ગાય અને ભેંસના દૂધના કુલ ૮ નમૂનાઓ પણ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ના નિયમો મુજબના ન હોવાનું ફુડ એનાલીસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ તમામ નમૂનાઓમાં મિલ્કફેટ અને એસ.એન.એફ નું પ્રમાણ નિર્ધારિત ધોરણો કરતા ઓછું હોવાનું સામે આવ્યું છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સ્થાનિકો દ્વારા પ્રાંત અધિકારીને આવેદન અપાયું

# કડોદમાં કબ્રસ્તાનની જમીનમાં ઈબાદતગાહ બનાવાયાની રાવ, લાઉડ સ્પીકર મુદ્દે વિરોધ

બારડોલી- બારડોલી તાલુકાના કડોદ ગામે ગાંધી ગ્રાઉન્ડની સામે આવેલી કબ્રસ્તાનની જગ્યામાં ગેરકાયદેસર રીતે ઈબાદતગાહ બનાવી તેનો મસ્જિદ તરીકે ઉપયોગ કરવામાં આવતો હોવાની રાવ સાથે સ્થાનિક રહીશોએ તપાસની માગ છે.

આ મામલે દેસાઈ ફળિયાના રહીશોએ એકત્ર થઈ બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તપાસની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, કડોદ ગાંધી ગ્રાઉન્ડની સામે મુસ્લિમ સમાજનું કબ્રસ્તાન આવેલું છે, જેનો ઉપયોગ વર્ષોથી માત્રને માત્ર દફનવિધિ માટે જ થતો હતો. જોકે, છેલ્લા દોઢેક વર્ષથી આ જગ્યામાં ઈબાદત ગાહનું બાંધકામ કરવામાં આવ્યું છે.

રહીશોનો આક્ષેપ છે કે હાલમાં તેનો ઉપયોગ મસ્જિદ તરીકે કરવામાં આવી રહ્યો છે અને તેના પર મોટા લાઉડ સ્પીકરો લગાવી દેવામાં આવ્યા છે. જેની તિવ્ર ધ્વનીને કારણે નજીકના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સ્થાનિકોએ રજૂઆત કરી છે કે, લાઉડ સ્પીકર પર અવાજ ખૂબ જ વધારે રાખવામાં આવે છે, જેના કારણે આસપાસના રહીશોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રકારના કૃત્યોથી ગામની કોમી એકતામાં ભંગ પડી શકે છે.

રહીશોએ પ્રાંત અધિકારી સમક્ષ મુખ્ય બે પ્રશ્નો ઉઠાવ્યા છે. શું કબ્રસ્તાનની જગ્યામાં ઈબાદતગાહના બાંધકામ માટે સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી લેવાઇ છે? શું લાઉડ સ્પીકર વગાડવા માટે પોલીસ કે વહીવટી તંત્ર પાસેથી કાયદેસરની મંજૂરી મેળવાયેલી છે ? રહીશોએ માંગ કરી છે કે આ બાબતે નિષ્પક્ષ તપાસ કરી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં આવે એવી માંગ સ્થાનિક રહિશો દ્વારા પ્રાંત અધિકારી સમક્ષ કરવામાં આવી છે.

# ઉમરપાડાના પાંચ આંબા ગામે તાપીના નવા નીર પહોચ્યાઃધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ પૂજા કરી



ઉમરપાડા- ઉમરપાડા તાલુકાના પાંચ આંબા ગામે ઉદ્ધવહન સિંચાઈ યોજના અંતર્ગત તાપી નદીના નવા નીર પહોચ્યા છે. આ પ્રસંગે માંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવા અને સ્થાનિક આગેવાનોએ પૂજા-આરતી કરી નીરના વધામણા કર્યા હતા. આ ઘટનાથી ઉમરપાડાના ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

રાજય સરકારે ઉમરપાડાના ખેડૂતોને ઉકાઈ ડેમનું પાણી સિંચાઈ માટે મળી રહે તે હેતુથી રૂ. ૯૩૪ કરોડની ઉદ્ધવહન સિંચાઈ યોજના મંજૂર કરી હતી. આ યોજનાનું કામ છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહ્યું હતું. યોજનાના ટેસ્ટિંગ બાદ પાંચ આંબા ગામ ખાતે ધારાસભ્ય ગણપતસિંહ વસાવા, રાજકીય આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો એકત્ર થયા હતા. સૌએ સાથે મળીને નવા નીરના વધામણા કર્યા અને પૂજા-આરતી કરી હતી.

આ પ્રસંગે યોજાયેલા સમારંભમાં ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, ૮૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલા ઉમરપાડા તાલુકાને સિંચાઈનું પાણી પૂરું પાડવું ખૂબ જ મુશ્કેલ કાર્ય હતું. પરંતુ સરકારે મક્કમ નિર્ણય લઈને આ યોજના આદિવાસી ખેડૂતોના હિતમાં સાકાર કરી છે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વનબંધુ યોજના અમલમાં મૂક્યા પછી આદિવાસી સમાજને મોટો ફાયદો થયો છે. આ યોજના ભવિષ્યની પેઢીને સુખ-સમૃદ્ધિભર્યું જીવન આપશે.

વસાવાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર પ્રહારો કરતા કહ્યું કે, વિપક્ષો દાવો કરતા હતા કે ઉદ્ધવહન સિંચાઈ યોજનાના પાઇપોમાં માત્ર હવા આવશે, પાણી નહીં. પરંતુ આજે ઉમરપાડાનો ખેડૂત ખુશ છે અને આ યોજના સફળ થઈ છે.

## સોનગઢમાં ૪૫ હજારની ચીલઝડપનો ભેદ ઉકેલાયો

# આંતરરાજય ગેગના ૪ આરોપીઓ રૂ. ૩.૬૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા



તાપી (વ્યારા)- સોનગઢમાં ધોળા દિવસે બેંકમાંથી ૪૫,૦૦૦ રૂપિયા ઉપાડીને બહાર નીકળેલા એક વ્યક્તિ સાથે થયેલી ચીલઝડપનો ભેદ તાપી એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આંતરરાજય ગેગના ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

આ ઘટના ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બની હતી. નાની ખેરવણ ગામના રાકેશભાઈ ચૌધરી સોનગઢના હિરવા પ્લાઝામાં આવેલી બેંક ઓફ બરોડામાંથી ૪૫,૦૦૦ રૂપિયા ઉપાડીને બહાર આવ્યા હતા. તે સમયે ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને રોકીને રૂપિયા જમા કરાવવામાં મદદ કરવાનું કહી વાતોમાં ભોળવ્યા હતા.

ત્યારબાદ, ચા પીવાના બહાને તેઓ રાકેશભાઈને ઓટા ચોકડી પાસે લઈ ગયા હતા. ત્યાં નજર ચૂકવીને તેમના શર્ટના ખિસ્સામાંથી ૪૫,૦૦૦ રૂપિયા સેરવી લીધા હતા. આ અંગે સોનગઢ પોલીસ મથકે ગુનો નોધવામાં આવ્યો હતો.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તાપી એલસીબીના ઇન્ચાર્જ PI એન.જી. પાંચાણી અને PI જે.બી. આહિરના માર્ગદર્શન હેઠળ ટીમો કામે લાગી હતી. PSI એન.એસ. વસાવા અને કે.આર. પટેલની ટીમે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી.

પોલીસે સુરત અને કડોદરા વિસ્તારમાંથી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં યોગેશ પાટીલ (મૂળ મહારાષ્ટ્ર), સતનામ ઉર્ફે પપ્પુ રાવત, સાજીદખાન અને આયુષ મિશ્રા (ત્રણેય મૂળ ઉત્તર પ્રદેશ) નો સમાવેશ થાય છે. કડક પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનો કબૂલ્યો હતો. પોલીસે તેમની પાસેથી ચોરીના રોકડા ૪૫,૦૦૦ રૂપિયા, ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતના ચાર મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી ૬ લાખ રૂપિયાની બલેનો કાર સહિત કુલ ૩,૬૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ચોરીના રોકડા ૪૫,૦૦૦ રૂપિયા, ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતના ચાર મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી ૬ લાખ રૂપિયાની બલેનો કાર સહિત કુલ ૩,૬૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત**

# સુરતના આંગણે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા 'તિલક હોળી ૨૦૨૬'નું ભવ્ય આયોજન, ૩૦૦થી વધુ ભૂદેવો ઉત્સાહભેર જોડાશે



સુરત -શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, સુરત દ્વારા પરંપરાગત મૂલ્યોની જાળવણી અને સામાજિક એકતાના ઉમદા હેતુ સાથે આ વર્ષે 'તિલક હોળી ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સુરતના પાલ વિસ્તારમાં આવેલા સોમેશ્વર ફાર્મ ખાતે આગામી ૪ માર્ચના રોજ હોળીના પર્વ નિમિત્તે આ મંગલમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.


શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા દર વર્ષે હોળીના તહેવારની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. આ વર્ષે પણ તિલક હોળી મહોત્સવ ૨૦૨૬ માટેની વિશેષ આયોજન અને તૈયારીઓ કરવામાં આવી છે. આ વર્ષે તિલક હોળી ૨૦૨૬ પાલ વિસ્તારમાં આવેલા સોમેશ્વરા ફાર્મમાં ઉજવવાનું નક્કી કર્યું છે. જેમાં આ કાર્યક્રમ ૪ માર્ચ ને ધૂળેટીના દિવસે સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન યોજવામાં આવ્યો છે. આ મહોત્સવમાં સુરત શહેરમાં વસતા બ્રહ્મ સમાજના અગ્રણીઓ, વડીલો, યુવા શક્તિ અને પરિવારજનો સહિત ૩૦૦થી વધુ લોકો એકત્રિત થઈને હોળીના પર્વની અનોખી ઉજવણી કરશે. કાર્યક્રમને સુવ્યવસ્થિત બનાવવા માટે બ્રહ્મ બંધુઓની પૂર્વ નોધણી પ્રક્રિયા પણ કરવા આવી છે.

આ આયોજનને સફળ બનાવવાના ભાગરૂપે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, સુરતની મહિલા પાંખની રવિવારે વિશેષ બેઠક મળી હતી. આ બેઠકમાં મહિલા સભ્યોએ કાર્યક્રમમાં એકરૂપતા જળવાય તે માટે ખાસ ડ્રેસ કોડ નક્કી કર્યો છે. જે મુજબ, તમામ મહિલાઓ સફેદ ડ્રેસ અને બાંધણી અથવા પ્લેન દુપટ્ટામાં સજ્જ થઈને કાર્યક્રમની શોભા વધારશે.

આ કાર્યક્રમમાં હાસ્ય, સંગીત અને પરંપરાનો ત્રિવેણી સંગમ જોવા મળશે.'તિલક હોળી'ની વિશેષતા એ છે કે અહીં પાણી કે કેમિકલયુક્ત રંગોના બદલે માત્ર તિલક કરીને મર્યાદાપૂર્વક હોળી એક બીજા સાથે રમવામાં આવશે. કાર્યક્રમમાં મનોરંજન માટે જાણીતા હાસ્ય કલાકારો ઉપસ્થિત રહી શ્રોતાઓને ખડખડાટ હસાવશે.ત્યાર બાદ હોળીના પરંપરાગત ગીતો પર સૌ કોઈ ઝૂમશે અને સમાજના પ્રતિભાળી લોકો માટે કરાવકે પર હોળીના ગીતો ગાઈને પોતાની કલા રજૂ કરવાની તક પણ આપવામાં આવી છે.

આ ઉત્સવના રંગમાં સ્વાદનો તડકો ઉમેરવા માટે તમામ મહેમાનો માટે ઠંડાઈ અને ગરમાગરમ ભજીયાની જયાફ્ત રાખવામાં આવી છે, જે હોળીના પર્વના આનંદને બેવડાવશે. આયોજનમાં કોઈ વ્યવસ્થા ઊભી ન થાય તે માટે દરેક બ્રહ્મબંધુઓએ પૂર્વ નોંધણી કરાવવી જરૂરી છે. જેથી આ આયોજનને સફળ બનાવવા માટે યુવા પ્રમુખ રવિ જાની અને તેમની ટીમ દ્વારા ખાસ નોંધણી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે કોઈ બ્રહ્મ બંધુઓ આ તિલક હોળી મહોત્સવ ૨૦૨૬માં જોડાવા ઈચ્છતા હોય, તેઓએ યુવા પ્રમુખ રવિ જાની ૯૯૭૯૪ ૨૮૨૨૦ નો સંપર્ક કરી વહેલી તકે પોતાનું નામ નોંધાવવા વિનંતી કરવામાં આવી છે.

# ઓનલાઇન ગેમિંગમાં રૂપિયા ગુમાવતા યુવકનો આપઘાત



બારડોલી-પલસાણા તાલુકાના સોયણીમાં ઓનલાઇન ગેમિંગના ચક્કરમાં યુવકે આત્મહત્યા કરી હતી. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના સોયાણી ગામે આવેલી શુકન રેસીડેન્સીમાં રહેતા ૨૧ વર્ષીય યોગેશ કેશવપ્રસાદ શુક્લાએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી છે. મૃતક યુવાન અભ્યાસ કરતો હતો અને મૂળ મધ્યપ્રદેશના સીધી જિલ્લાના રામપુર નૈકિનનો વતની હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, યોગેશ ઓનલાઇન ગેમિંગ રમતો હતો અને તેમાં તેણે મોટી રકમ ગુમાવી દીધી હતી. આ આર્થિક નુકસાનના કારણે તે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતો અને અંતે મનમાં લાગી આવતા તેણે આ ખોટું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટના ગત તારીખ ૧ માર્ચના રોજ બપોરે ૧૧ : ૪૫ વાગ્યાના સુમારે બની હતી. મૃતકના પિતા કેશવપ્રસાદ ઉમાશંકર શુક્લાએ આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઇ. મનોજભાઇ ગોવિંદભાઇ ચલાવી રહ્યા છે.

# ગત વર્ષ કરતાં અકસ્માતમાં ૭૪ ટકાનો વધારોઃજાન્યુઆરીમાં માર્ગ સલામતી માસની ઉજવણી દરમિયાન જ શહેરમાં ૭૫ અકસ્માત



ગાંધીનગર- ગાંધીનગર જિલ્લામાં અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક હદે વધતું જાય છે. વસ્તી, વિસ્તાર અને વાહનોની સંખ્યામાં ઉત્તરોતર વધારો, વધુ સારા સુવિધાજનક માર્ગો અને ટ્રાફિક નિયમોના ચુસ્ત પાલનના અભાવે અકસ્માતો વધી રહ્યા છે. શહેરમાં માર્ગ સલામતી માટે વિવિધ તંત્ર આરટીઓ, પોલીસ અને રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા સમગ્ર જાન્યુઆરી માસને રોડ સેફ્ટી મંથ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

પરંતુ આ કાર્યક્રમો સ્કૂલ-કોલેજના બાળકો માટે યોજાતી સ્પર્ધા પુરતો જ મર્યાદિત રહ્યો હોય તેમ જાન્યુઆરી-૨૦૨૬માં જ ૭૫ અકસ્માતો સર્જાયા હતા. જે ગયા વર્ષના જાન્યુઆરી માસની સરખામણીએ ૭૪ ટકા જેટલા વધારે છે. ગત જાન્યુઆરી માસમાં ૫૬ અકસ્માતો થયા હતા.

આંકડા સૂચવે છે કે તંત્ર દ્વારા કરાયેલી રોડ સેફ્ટી મંથની ઉજવણીનો કોઇ અર્થ રહ્યો નથી. ૨૦૨૬ના જાન્યુઆરી માસમાં કુલ ૭૫ પૈકી ૨૬ ફેટલ અકસ્માતો હતા અને ૨૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૩૮ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના એક વર્ષમાં કુલ ૭૧૫ રોડ અકસ્માત નોધાયા હતા,આ અકસ્માતોમાં ૨૫૩ લોકોનાં મોત થયા હતા, ૩૮૧ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા અને ૨૪૦ લોકોને નાની ઇજા પહોંચી હતી.

વર્ષ ૨૦૨૫ માં ૨૪૪ જીવલેણ (ફેટલ) અકસ્માત નોધાયા હતા. ૨૭૫ ગંભીર ઇજાવાળા, ૧૨૪ નાની ઇજાવાળા અને ૭૨ બિનઇજાગ્રસ્ત અકસ્માત નોધાયા હતા. ડિસેમ્બર મહિનામાં સૌથી વધુ ૭૦ અકસ્માત નોધાયા હતા, જેમાં ૩૦ લોકોનાં મોત થયા હતા અને ૪૩ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યા છે.

ઓક્ટોબરમાં પણ ૬૯ અકસ્માત નોધાયા હતા, જે વર્ષના સૌથી વધુ અકસ્માત ધરાવતા મહિનાઓમાંનો એક છે,જાન્યુઆરીમાં ૫૬ અકસ્માત થયા હતા, જયારે ફેબ્રુઆરીમાં ૫૮ અને માર્ચમાં ૫૪ અકસ્માત નોધાયા હતા. એપ્રિલ અને મે મહિનામાં પણ અકસ્માતોની સંખ્યા ઊંચી રહી હતી.

# તાપીમાં રૂ. ૫૧.૩૫ કરોડના ખર્ચે આદર્શ નિવાસી શાળાનું ખાતમુહૂર્તઃઆદિજાતિ મંત્રી નરેશ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા




તાપી (વ્યારા)- તાપી જિલ્લાના વાલોડ તાલુકાના નાલોઠા ગામે આદર્શ નિવાસી મિશ્ર શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ શાળા અંદાજે રૂ. ૫૧.૩૫ કરોડના ખર્ચે બનશે. આ પ્રસંગે આદિજાતિ બાબતોના મંત્રી નરેશ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નવી આદર્શ નિવાસી શાળાનો મુખ્ય હેતુ આદિજાતિ બાળકોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરીય શિક્ષણ પૂરું પાડવાનો છે. આ શાળા દ્વારા બાળકોની સાક્ષરતા વધારવામાં મદદ મળશે.

અહીં અભ્યાસ અર્થે આવનાર બાળકો માટે વિના મૂલ્યે રહેવા, જમવા અને શિક્ષણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સુવિધાઓ બાળકોના શિક્ષણની સાથે તેમની અન્ય જરૂરિયાતો પણ સંતોષશે.

# સનાતન સંગઠનને એક તાંતણે બાંધવાની શ્રી હરિ સંસ્કાર સમિતિની પહેલ :સોનગઢમાં ભજન પ્રતિયોગિતા : ૮ જિલ્લાની મંડળીઓએ ભાગ લીધો




સોનગઢ- એકલ શ્રી હરિ સંસ્કાર શિક્ષણ સમિતિ દ્વારા હિંદુ સમાજની એકતા, સનાતન ધર્મની જાગૃતિ અને સનાતન સંગઠન શક્તિઓને સુદ્દઢ કરવાના હેતુથી ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સનાતન સંસ્કૃતિના ગૌરવ અને ધર્મ રક્ષાના સંકલ્પ સાથે કાર્યરત ગ્રામીણ સ્તરના એકલ શ્રી હરિના વનવાસી અને ગ્રામવાસી કાર્યકર્તાઓ આ સ્પર્ધામાં ઉત્સાહભેર જોડાયા હતા. એકલ શ્રી હરિ દ્વારા સનાતન સંસ્કૃતિના સંવર્ધન, રક્ષણ અને વનવાસીઓના ઉત્થાન માટે વિવિધ કાર્યો કરવામાં આવે છે. હાલમાં આઠ વનવાસી જિલ્લાઓમાં કુલ ૧,૪૩૨ જેટલી ભજન મંડળીઓ કાર્યરત છે.

સોનગઢ ખાતે આયોજિત આ ભજન સ્પર્ધામાં ગુજરાત પ્રાંતના તાપી, ડાંગ, નર્મદા, ભરૂચ, દાહોદ, મહીસાગર, હિંમતનગર અને છોટાઉદેપુર જિલ્લા ની ગ્રામ્ય સ્તરની વિજેતા મંડળીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડાંગ જિલ્લાની ભજન મંડળી પ્રથમ, તાપી જિલ્લાની ટીમ દ્વિતીય અને નર્મદા જિલ્લાની ટીમ તૃતીય સ્થાને રહી હતી.

આ કાર્યક્રમમાં પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજી (માંડવી), પૂજ્ય સત્યવાન મહારાજ (દેવગઢ બારીયા), પૂજ્ય યશોદા દીદી, સંઘના પ્રકાશભાઈ ગાલા, ડો. વસંતભાઈ ગામીત, મહેશ મિત્તલ, સુભાષભાઈ ભક્ત, પિયુષભાઈ ભક્ત, પૂજ્ય હેતલ દીદી તથા કાંતિભાઈ ગામીત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

## તમારો સેલ્ફ કોન્ફિડન્સ તોડનારા લોકો કેવાં હોય છે?

બેસ્ટ તો એ છે કે એવા લોકોથી દૂર રહેવું જેમને તમારા ઈગોને પોતાના પગ તળે કચડી નાખવાની મઝા આવતી હોય, જેઓ તમે ગુડ ફોર નથિંગ છો એવું માનતા હોય અને તમને જતાવતા પણ હોય અને જેમને તમારા આત્મસન્માનની કંઈ પડી ના હોય.

પણ દર વખતે એવું નથી બનતું કે તમે એમને અવગણી શકો. તમારી વર્ક પ્લેસ પર, તમારા મિત્રવર્તુળમાં, તમારાં સગાઓમાં-જ્ઞાતિમાં ઈવન તમારા પોતાના કુટુંબમાં-ઘરમાં તમારે ક્યારેક ને ક્યારેક એવી વ્યક્તિઓ સાથે જખ મારીને પનારો પાડવો પડતો હોય છે જે ડગલેને પગલે તમારો સેલ્ફ કોન્ફિડન્સ તોડવાનો સભાન કે અભાન પ્રયત્ન કરતા હોય છે. આવી વ્યક્તિઓ મોટે ભાગે લૂઝર હોવાની. પોતાની જિંદગીમાં જેઓ કશું ઉકાળી નથી શક્યા તેઓ શું ધૂળ બીજાની પ્રગતિ જોઈને રાજી થવાના કે બીજાઓને ગાઈડ કરીને એમને એન્કરેજ કરી શકવાના? એમની પાસે એવી કોઈ કેપેસિટી હોય તો પહેલાં એનો ઉપયોગ એમણે પોતાના માટે ન કર્યો હોત?

સૌથી પહેલાં તો તમે ઓળખી લો કે તમારી આસપાસ લૂઝર કોણ કોણ છે અને વિનર કોણ કોણ છે. બહુ જ રૂથલેસ બનીને તમારે આ એનેલિસિસ કરવું પડશે. શક્ય છે કે તમારા સગા પિતા લૂઝર હોય. તો મનોમન સ્વીકારી લેવાનું (એમના મોઢે કહેવા નહીં જવાનું).

જિંદગીમાં જેમણે સફળતા મેળવી હોય પણ તે હંમેશાં બીજાના ભોગે મેળવી હોય એવી વ્યક્તિ પણ લૂઝર જ કહેવાય. આની સામે જેને ભૌતિક સફળતા ન મળી હોય અથવા મેળવીને ગુમાવી દીધી હોય પણ જેનામાં ફાઈટિંગ સ્પિરિટ હજુ પણ અકબંધ છે તે વિનર છે. કારણ કે એનામાં હજુય જીતવાની, આગળ વધવાની શક્યતાઓ ભરીને પડી છે.

તમારી પ્રગતિના પ્લાન્સ જોઈને જે તમને પોતાનો ખભો આપવા તૈયાર થાય તે વિનર છે. કારણ કે એને કાલ્પનિક યોજનાઓમાં પણ શ્રદ્ધા છે, આશાવાદી છે. એના વિચારોનો ઉજાસ તમને પણ પ્રકાશ આપશે.

પણ જે તમારી દરેક યોજનામાં કંઈ ને કંઈ ખોડખાંપણ જ શોધ્યા કરતું હશે અને વળી તમને કહેતું પણ હસે કે રૂવ્યવહારુ બનીને બધી બાબતો ચકાસ્યા પછી જ આગળ વધવાનું, હં... એવી વ્યક્તિઓ તમારા રસ્તામાં ભવિષ્યમાં વિઘ્નરૂપ જ બનવાની. તમારો ઉત્સાહ તોડ્યા કરશે એ. એનો સ્વભાવ છે એ વીજળીનો બલ્બ શોધનારને કે ટેલિફોનના શોધકને કે પ્રિન્ટિંગ પ્રેસ કે રેડિયો કે ટેલિવિઝન કે ઈમેલ કે સેલફોનના શોધકને એની આસપાસની વ્યક્તિઓ સતત ટોકટોક કર્યા કરતી હોત કે રૂઆ તમારું કામ બિલકુલ પ્રેક્ટિકલ નથી, ખોટો સમય તમે બગાડો છો, ખોટા ખર્ચા તમે કરો છો... તો આ દુનિયા આગળ વધી હોત? ના વધી હોત. તમારું કામ જેટલું મોટું, જેટલું વિશાળ અને જેટલું યુનિક એટલાં તમે વધુ વલ્નરેબલ. કોઈ પણ આવીને તમારા ફુગ્ગામાં ટાંકણી ભરાવી જશે. કારણ કે લોકોએ હજુ સુધી આ ગજાંનું કામ કરનારાઓને પોતાની આસપાસ જોયા જ નથી. એમને એમ લાગે છે કે આવું કામ કરનારાઓ તો કોઈક બીજા જ ગ્રહના માનવી હોઈ શકે, અમારી આસપાસની વ્યક્તિઓમાં એવું ગજું ક્યાંથી હોય. પ્રિસાઈસલી એટલે જ તમારે એમની આસપાસની વ્યક્તિ મટી જવાનું, એમને તમારાથી દૂર હડસેલી દેવાના, ફિઝિકલી જો એ શક્ય ન હોય તો એક અનિવાર્ય ન્યૂસન્સ તરીકે એનું કહેલું એક કાને સાંભળીને બીજા કાનેથી બહાર કાઢી નાખવાનું. આ લોકો તમારામાં ઉત્સાહ પ્રેરવાની ક્ષમતા વધારતા નથી એનું બીજું કારણ એ કે એમાંના કેટલાકે ભૂતકાળમાં મોટા ગજાંનું કામ કરવાની કોશિશ કરી હતી. ના કરી શક્યા. ગમે તે કારણ હોય. પણ હવે જો તમે કોઈ મોટા ગજાંનું કામ કરવામાં સફળ થયા તો એમને પોતાની એ જૂની નિષ્ફળતા યાદ આવી જશે. એમને લાગશે કે બીજા લોકો હવે સરખામણી કરશે જેને કારણે પોતાનું નીચાજોણું થશે. તમને ડિસ્કરેજ કરવા પાછળ આવાં પણ કારણો હોવાનાં. સેલ્ફ કોન્ફિડન્સ કેળવવા માટે તમે ગમે એટલાં ધમપછાડા કરશો પણ જો આ પ્રકારના લોકોનું મહત્ત્વ તમે તમારી જિંદગીમાંથી ઘટાડી નહીં નાખો તો કાણાવાળી બાલદીને ખુલ્લા નળ નીચે મૂકવા જેવો વ્યર્થ વ્યાયામ થશે.

## ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રારંભઃ અમદાવાદ સહિત અનેક શહેરોનું વધશે તાપમાન, હવામાન વિભાગની આગાહી



શિયાળાની વિદાય બાદ હવે ગુજરાતમાં ઉનાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં તાપમાનમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે, જેની સીધી અસર જનજીવન પર જોવા મળશે. વધતી ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર અને નિષ્ણાતો દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, આગામી અઠવાડિયા દરમિયાન તાપમાન ઉંચા સ્તરે સ્થિર રહેશે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવી સ્થિતિ જોવા મળી શકે છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં ગરમીનું પ્રમાણ વધુ અનુભવાશે.

હવામાન વિભાગે માર્ચમાં ગરમી વધતા વરસાદ સારો રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે. માર્ચ મહિનામાં કચ્છ અને દ્વારકામાં રહેશે ઉકળાટ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાશે. આ ઉપરાંત રાજયમાં આ વર્ષે ચોમાસું સારૂ શહેવાની શક્યતા છે.

'શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા પુષ્કળ પાણી, છાશ, લીંબુ શરબત અથવા ઓઆરએસ લેતા રહેવું.

'હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા જેથી ગરમી સામે રક્ષણ મળે.

'સવારના ૧૧થી બપોરના ૪ વાગ્યા સુધીના તીવ્ર તાપમાનમાં બિનજરૂરી બહાર જવાનું ટાળવું. જો બહાર જવું અનિવાર્ય હોય, તો માથું ઢાંકીને રાખવું. 'વૃદ્ધો અને બાળકોમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ઝડપથી થઈ શકે છે, તેથી તેમની ખાસ સંભાળ રાખવી.

## કડોદના આધેડને ડિજિટલ અરેસ્ટ કરી ૨૩,૫૦૦ ખંખેરાયા



બારડોલી- ઓનલાઇન છેતરપિંડી આચરતી ટોળકીએ હવે બારડોલીના ગ્રામ્ય વિસ્તારોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. કડોદ ગામના ખોખર ફળિયામાં રહેતા મનોજભાઈ પ્રજાપતિને દિલ્હી પોલીસના નામે વીડિયો કોલ કરી, ડિજિટલ એરેસ્ટનો ડર બતાવી રૂ.૨૩,૫૦૦ ની ઠગાઈ આચરવામાં આવી છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઠગોએ મનોજભાઈને ફોન કરી જણાવ્યું હતું કે, 'તમે ગૂગલ પર અશ્લીલ વીડિયો જુઓ છો, જે બદલ તમારી સામે ફરિયાદ થઈ છે. ભોગ બનનારને વિશ્વાસમાં લેવા ઠગોએ પોલીસ લોગો અને ઓફિસ જેવું સેટઅપ ઊભું કરી વીડિયો કોલ કર્યો હતો. સાયબર માફિયાઓએ કેસ ખતમ કરવાના નામે સમાધાનની લાલચ આપી ટુકડે-ટુકડે નાણાં પડાવ્યા હતા. આબરૂ જવાની બીકે મનોજભાઈએ સ્કેનર મારફતે પેમેન્ટ કર્યું હતું, પરંતુ છેતરાયા હોવાનો અહેસાસ થતા અંતે પોલીસમાં ધા નાખી હતી.

## કામરેજના નનસાડમાં રહેણાંક મકાનમાંથી સાપ મળ્યોઃફાયર વિભાગે સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી જંગલમાં છોડ્યો



કામરેજ- સુરત જિલ્લાના કામરેજ તાલુકાના નનસાડ ગામ પાસે આવેલી સુંદર વન સોસાયટીના એક રહેણાંક મકાનમાંથી સાપ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. સુરત ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સાપનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું, જેનાથી સ્થાનિકોએ રાહત અનુભવી હતી.

મળતી માહિતી મુજબ, સુંદર વન સોસાયટીના એક મકાનમાં અચાનક સાપ દેખાયો હતો. ઘરમાં સાપ હોવાની જાણ થતાં જ પરિવારના સભ્યોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે તાત્કાલિક સુરત ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ કામરેજ ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ સાપને પકડી પાડ્યો હતો. સાપ પકડાઈ જતાં પરિવારજનો અને આસપાસના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

ERC ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ કરાયેલા સાપને બાદમાં તેના કુદરતી આવાસમાં, એટલે કે માનવ વસ્તીથી દૂર સુરક્ષિત સ્થળે લઈ જઈ મુક્ત કરવામાં આવ્યો હતો. કામરેજ ફાયર ટીમની આ કામગીરીની સ્થાનિકોએ પ્રશંસા કરી હતી.

### માંડવી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે

## સુરત જિલ્લા કોગ્રેસ સમિતિ દ્વારા અગત્યની કારોબારીની બેઠક યોજવામાં આવી



**મોટી સંખ્યામાં હોદ્દેદારો તેમજ કાર્યકરો પણ હાજર રહ્યા હતા. તથા માંગરોળ તાલુકા ના ભાજપના છ કાર્યકરો ભાજપ નો પક્ષ છોડી કોગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. આ બેઠક દરમિયાન સંગઠન મજબૂત બનાવવા, આવનારી રાજકીય પરિસ્થિતિ અને કાર્યક્રમોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી**

**માંડવી -** સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે તા. ૨૫-૦૨-૨૦૨૬, બુધવારે બપોરે ૧૨ વાગ્યે આ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકનું અધ્યક્ષસ્થાન જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે જિલ્લા નિરીક્ષક દિનેશભાઈ પટેલ તેમજ પૂર્વ જિલ્લા પ્રમુખ મનહરભાઈ પ્રેરક વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં AICCતથા પ્રદેશ કોગ્રેસના હોદ્દેદારો, સુરત જિલ્લા કોગ્રેસ સમિતિના મહામંત્રી સ્નેહલ ભાઈ શાહ પૂર્વ પ્રમુખ જગદીશ પટેલ GICC મહામંત્રી તરુણભાઈ વાઘેલા AICC સેક્રેટરી હેમાંગની બેન ગરાસીયા જિલ્લા કોગ્રેસ મહિલા પ્રમુખ શ્રી નીતુ સિંહ રાજપુત પિયુષભાઈ ચૌધરી જિલ્લા યુથ તથા સંજયભાઈ ઉપાધ્યાય. મંત્રી જિલ્લા કોગ્રેસ તેમજ જિલ્લાના તમામ તાલુકા અને નગર કોગ્રેસ સમિતિના પ્રમુખો અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં હોદ્દેદારો તેમજ કાર્યકરો પણ હાજર રહ્યા હતા. તથા માંગરોળ તાલુકા ના ભાજપના છ કાર્યકરો ભાજપ નો પક્ષ છોડી કોગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. આ બેઠક દરમિયાન સંગઠન મજબૂત બનાવવા, આવનારી રાજકીય પરિસ્થિતિ અને કાર્યક્રમોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## બહિયલમાં ૨૦ કિલો ગૌમાંસ સાથે ત્રણ ઝડપાયાઃસ્થાનિકોના હોબાળા બાદ પોલીસનો દરોડો, ઘરને જ કતલખાનું બનાવી દીધું હતું



ગાંધીનગર- થોડા દિવસ પહેલા જ કોમી હિંસાના કારણે ચર્ચામાં આવેલા ગાંધીનગરના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં ઘરમાં ધમધમતા કતલખાના પર દરોડો પાડી પોલીસે ૨૦ કિલો ગૌમાંસ સાથે ત્રણ શખસોને ઝડપી પાડ્યા છે. ઘરમાં કતલખાનું ચાલતું હોવાની માહિતીના પગલે સ્થાનિકોએ હોબાળો મચાવતા પોલીસે ઘર પર દરોડો પાડ્યો હતો. જયાંથી પોલીસે ગૌમાંસના અવશેષો મળી આવ્યા હતા. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા એક યુવક વાછરડું આપી ગયો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

થોડા મહિના પહેલા જ દહેગામના બહિયલ ગામમાં કોમી હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનાની ગંભીરતા પારખીને ખુદ ગૃહ મંત્રી હર્ષ સંઘવી ગામમાં દોડી ગયા હતા. અને ફરીવાર કોમી સુલેહ શાંતિનો ભંગ થાય નહિ માટે કાયદો વ્યસ્થા જાળવવામાં કોઈ કચાસ નહીં રાખવા પોલીસને કડક શબ્દોમાં સૂચના આપી હતી. તો વિધાનસભામાં પણ બહિયલમાં ડ્ઈ કક્ષાના પોલીસ મથકની મંજૂરી આપી દેવાઈ છે .ત્યારે ગામમાં સતત પેટ્રોલિંગ અને બાઝ નજર રાખવાની સૂચનાઓ હોવા છતાં પોલીસના નાક નીચે ત્રણ શખ્સોએ ગૌવંશનું કતલ કરી નાખ્યું હોવાની ઘટના ઘટી ચુકી છે. બહિયલ ગામમાં ગુજરાત કાંટાની પાસે રહેતા સાદાબ સજ્જાદભાઈ મલેકે ઘરને જ કતલખાનું બનાવી દીધું હતું. આની બુમરાણ ઉઠતા પોલીસ સાદાબના ઘરે દોડી ગઈ હતી. જયાં ઘરનો મુખ્ય અને પાછળનો દરવાજો અંદરથી બંધ હતો. પરંતુ ઘરમાં કટીગનો સ્પષ્ટ સંભળાઈ રહ્યો હોવાથી પોલીસે દરવાજો ખોલાવ્યા હતો.જોકે ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું. ઘરના પાછળના રૂમમાં વચ્ચે પાથરણામા માંસ પડેલ હતુ અને ત્યાં માસુમ દેખાતા ત્રણ ઇસમો છરીઓ સાથે મળી આવ્યા હતા. આ ઘટનાના પગલે ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ રોષની લાગણી વરસાવી રહ્યા હતા. ત્યારે સ્થિતિ વણસે એ પહેલા તાત્કાલિક લોડીગ રિક્ષા મંગાવી માંસનો જથ્થો સહિતના મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સોને પોલીસ બહિયલ આઉટ પોસ્ટ લઈ ગઈ હતી.

## દ્વારકામાં જામ્યો હોળીનો માહોલઃ કાનાની ભક્તિમાં વિદેશીઓ ઘેલા થયા, ગુલાલ અને ભક્તિના રંગે રંગાયા શ્રદ્ધાળુઓ



દેવભૂમિ દ્વારકાના વિશ્વપ્રસિદ્ધ જગત મંદિરમાં હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે 'ફૂલડોલ ઉત્સવ'ની ભવ્ય ઉજવણી શરૂ થઈ ગઈ છે. ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા અને કાળિયા ઠાકોરના સંગાથે હોળી રમવા માટે લાખો શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટી પડ્યું છે. આ વર્ષે ઉત્સવમાં દેશી ભક્તોની સાથે વિદેશી મહેમાનો પણ કૃષ્ણ ભક્તિમાં લીન જોવા મળ્યા હતા.

હોળીના પર્વે દ્વારકાધીશના દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી ગુજરાત સહિત દેશભરમાંથી લાખો પદયાત્રીઓ દ્વારકા પહોંચી રહ્યા છે. આજે ફૂલડોલ ઉત્સવ પહેલા અનેક વિદેશી પ્રવાસીઓ પણ ભગવાનના દર્શને પહોચ્યા હતા. તેઓએ ભારતીય સંસ્કૃતિ અને હોળીના પર્વનો આનંદ માણી, શ્રદ્ધાળુઓ સાથે 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી'ના નાદ સાથે ભક્તિના રંગે રંગાયા હતા. દ્વિર પ્રશાસન અને સ્થાનિક પોલીસ દ્વારા ભીડને નિયંત્રિત કરવા અને શ્રદ્ધાળુઓને સુગમ દર્શન થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છેકે, ફૂલડોલ ઉત્સવને લઈને ભાવિકો અને પદયાત્રિકો ઉમટી પડશે. ત્યારે દર્શનાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓને લઈને જિલ્લા વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

યાત્રિકો હાથી ગેટથી ગોમતી ઘાટના દર્શન કરીને છપ્પન સીડી મારફતે મંદિરમાં પ્રવેશ કરી શકશે. દર્શનાર્થીઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે હાથી ગેટથી એક કિલોમીટર સુધીનું બેરિકેટિંગ કવચ ઊભું કરવામાં આવશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત જિલ્લા ભાજપની સંગઠનાત્મક બેઠક યોજાઈ

# દક્ષિણ ગુજરાતના ક્ષેત્રીય પ્રભારી પ્રશાંત કોરાટની ઉપસ્થિતિમાં સંગઠન મજબૂત બનાવવા માર્ગદર્શન




ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી તથા દક્ષિણ ગુજરાતના ક્ષેત્રીય પ્રભારી ડૉ. પ્રશાંત કોરાટના સુરત જિલ્લા સંગઠનાત્મક પ્રવાસ અંતર્ગત જિલ્લા સ્તરની મહત્વપૂર્ણ સંગઠનાત્મક અને પરિચય બેઠક આજે કમલમ સુરત જિલ્લા ભાજપના મધ્યસ્થ કાર્યાલય, બારડોલી ખાતે યોજાઈ હતી. બેઠકની અધ્યક્ષતા જિલ્લા પ્રમુખ ભરત રાઠોડે કરી હતી. બેઠકની શરૂઆત જિલ્લા પ્રમુખ ભરત રાઠોડના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ ડૉ. પ્રશાંતભાઈ કોરાટ એ પક્ષના આગામી કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યકરોમાં ઉર્જા અને સક્રિયતા વધે તે માટે સંગઠનશક્તિ, પરસ્પર સમન્વય અને બૂથ સ્તર સુધી કાર્ય વિસ્તૃત કરવાની આવશ્યકતા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. બેઠકમાં ૨૩-બારડોલી લોકસભા બેઠકના સાંસદ પ્રભુ વસાવા, ધારાસભ્ય સંદીપ દેસાઈ અને ઈશ્વર પરમાર, સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ ભાવિનીબેન પટેલ, પ્રદેશ ભાજપાના સદસ્ય અર્જુન ચૌધરી, તેમજ તાપી જિલ્લા ભાજપાના પૂર્વ મહામંત્રી વિક્રમ તરસાડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સુરત જિલ્લા ભાજપના મહામંત્રીઓ જગદીશ પારેખ, રોહિત પટેલ અને અંકુર દેસાઈ, જિલ્લા ભાજપાના હોદ્દેદારો, મીડિયા સંયોજક તેજસ વશી, આઈ.ટી. સંયોજક પલક નાયક, સોશિયલ મીડિયા સંયોજક વિજયસિંહ સોલંકી, તમામ મંડળોના પ્રમુખ અને મહામંત્રીઓ, તાલુકા પંચાયત તથા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

બેઠકનું સંચાલન જિલ્લા મહામંત્રી જગદીશભાઈ પારેખે કર્યું હતું, જ્યારે આભારવિધિ મહામંત્રી રોહિતભાઈ પટેલે વ્યક્ત કરી હતી. વ્યવસ્થાની જવાબદારી મહામંત્રી અંકુરભાઈ દેસાઈએ સંભાળી હતી. બેઠકના અંતે સર્વે કાર્યકરોને આવનારા કાર્યક્રમોને સફળ બનાવવા માટે સંકલ્પબદ્ધ થવા તથા સંગઠનને વધુ સશક્ત બનાવવા એકજૂટ થઈ કાર્ય કરવાની અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા સ્તરના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોની વિશાળ ઉપસ્થિતિ નોંધાઈ હતી, જેને સંગઠનની મજબૂતીના સંકેત રૂપે જોવામાં આવી રહી છે.


## કોસંબા એક્સપ્રેસ હાઇવે પર અકસ્માત:અજાણ્યા વાહનની ટક્કરે રેલવે ઓવરબ્રિજ પર વ્યક્તિનું મોત



માંગરોળ-કોસંબા ગામની સીમમાં એક્સપ્રેસ હાઇવે નંબર ૪ પર આવેલા રેલવે ઓવરબ્રિજ પર એક અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહનની ટક્કરે આશરે ૩૫ થી ૪૦ વર્ષીય એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટના વડોદરાથી મુંબઈ તરફ જતા એક્સપ્રેસ હાઇવે નંબર ૪ના પહેલા ટ્રેક પર બની હતી. મૃતક વ્યક્તિ રેલવે ટ્રેકના બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે તેને અડફેટમાં લીધો હતો.

અકસ્માત સર્જીને વાહન ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અજાણ્યા વ્યક્તિને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ થતાં તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી
જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત
માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર
પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૪૬ મો આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-**શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૨/૦૩/ ૨૦૨૬ ને શુક્રવારના રોજ ૭૪૬ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયાના ઓપરેશનો લેન્સ સાથેની: શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી સત્ય સાંઈ હોસ્પિટલ, બારડોલી, તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ , બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લરના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે. અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે .

બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ .

## મક્કા-મદીનામાં સુરત જિલ્લાના ૩૦૦ થી વધુ યાત્રાળુ ફસાયા

# મધ્ય-પૂર્વમાં ફ્લાઇટ રદ થતાં પરિવારજનોમાં ચિંતા; પાછા લાવવા વ્યવસ્થા કરવા માગ


**બારડોલી, માંગરોળ, ઓલપાડ-** ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવને કારણે મધ્ય-પૂર્વના દેશોમાં હવાઈ મુસાફરી પર ગંભીર અસર થઈ છે. સુરક્ષાના કારણોસર ઉડાન પ્રતિબંધો લાગુ કરાતા સાઉદી સહિતની આંતરરાષ્ટ્રીય ફ્લાઇટો મોટા પાયે રદ કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં રમઝાન માસ દરમિયાન મક્કા-મદીના ઉમરાહ માટે ગયેલા સુરત જિલ્લાના ૩૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ ત્યાં ફસાઈ ગયા છે, જેના કારણે તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ છે.

મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના મોસાલી, કઠોર, ખોલવડ, કોસંબા, ઓલપાડ, માંગરોળ અને તડકેશ્વર જેવા વિસ્તારોના



યાત્રાળુઓ રમઝાન પૂર્વે મક્કા-મદીના પહોંચ્યા હતા

ઉમરાહના ૧૦ દિવસ પૂરા થયા બાદ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા ફ્લાઇટ સેવાઓ અચોક્કસ મુદત માટે બંધ કરી દેવામાં આવી, જેના કારણે આ શ્રદ્ધાળુઓ મક્કામાં ફસાઈ ગયા છે. ઈરાન-ઇઝરાયલ સંઘર્ષની સાથે દુબઈમાં પણ ફ્લાઇટો રદ થતાં ભારતમાં હાજીઓના પરિવારજનો ચિંતામાં મુકાયા છે.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## બારડોલી શાસ્ત્રી રોડ સાંઈ ક્રિષ્ના સોસાયટી ના રહીશો દ્વારા વૈદિક પરંપરાગત હોળી પ્રગટાવી





બારડોલી -બારડોલી સાઈ ક્રિષ્ના સોસાયટી ના પ્રમુખ અમિસસિંહ ચાવડા દ્વારા હોળી પર્વ નિમિત્તે વૈદિક રીતે હોળી પ્રગટાવી સાંઈ ક્રિષ્ના સોસાયટીના મહામંત્રી મીતેષભાઈ દેસાઈ, એડવોકેટ જતીનભાઇ પ્રજાપતિ, ભાવેશભાઈ, હસુભાઈ પટેલ તેમજ વડિલો ભાઈઓ બહેનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખૂબ ભક્તિ ભાવ શ્રદ્ધા થી હોલિકા પૂજન કર્યુ હતું.

## વ્યારા કોલેજમાં ઇનોવેશન ક્લબના ઉપક્રમે 'બૌદ્ધિક સંપદા અધિકાર' (IPR) વિષયક વર્કશોપ યોજાયો



શ્રી ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી. આર. પી. ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા ના ઇનોવેશન ક્લબના ઉપક્રમે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'બૌદ્ધિક સંપદા અધિકાર' (Intellectual Property Rights - IPR) વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. એચ.વાય. ખરવાસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી ભારત અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે-સાથે સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય અને યુવા વિદ્યાર્થીઓને આ બાબતમાં પૂરેપૂરું પ્રોત્સાહન મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં ઇનોવેશન ક્લબના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના ભાગ તરીકે બૌદ્ધિક સંપદા અધિકાર વિષયક વર્કશોપના આયોજન દ્વારા વ્યક્તિના મગજની સર્જનાત્મકતા અને સંશોધનોને કાયદાકીય રક્ષણ આપવા માટેના અધિકારોની સમજ લોકોમાં કેળવવા માટે આવા વિષયમાં યોજવામાં આવેલા વર્કશોપ ખુબ ઉપયોગી બને છે.

કોલેજના ઇનોવેશન ક્લબના કોર્ડિનેટર અને કોમર્સ વિષયના અધ્યાપિકા ડૉ. યજ્ઞા વ્યાસે ઉપસ્થિત મહાનુભાવોનો વિસ્તૃત પરિચય આપી બૌદ્ધિક સંપદા અધિકાર વિષયક સમજ આપી જુદા જુદા પ્રકારની પેટન્ટ, કોપીરાઇટ તથા ટ્રેડમાર્ક વિષયક પોતાના વિચારો રજુ કરી આવી પ્રવૃત્તિમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓની સર્જનાત્મક કામગીરીને પ્રોત્સાહન મળે છે અને તે માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઇનોવેશન ક્લબની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ એમ જણાવ્યું હતું.

વર્કશોપના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. દાનેશ્વર પાંડેએ ખૂબ જ સરળ શૈલીમાં 'ઇન્ટેન્જિબલ એસેટ્સ' (અદ્રશ્ય મિલકતો) વિશે સમજૂતી આપી હતી અને કોઈપણ નવા વિચાર કે ઇનોવેશનને કાયદેસર રીતે રજીસ્ટર કરવાની સંપૂર્ણ પ્રક્રિયા સમજાવી બૌદ્ધિક સંપદા અધિકાર સાથે સંકળાયેલ વિશેષ કરીને પેટન્ટ, કોપીરાઇટ, ટ્રેડમાર્ક, ભૌગોલિક સંકેત આ બધી બાબતોને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. ઘણી વખત જુદા જુદા પ્રકારના પુસ્તકો, ફિલ્મો, વિવિધ પ્રકારની કૃતિઓમાં મોટા પ્રમાણમાં કોપીરાઇટ કરવામાં આવે છે ત્યારે બૌદ્ધિક સંપદા અધિકાર તેની સામે રક્ષણ આપવાનું કાર્ય કરે છે.

આ વર્કશોપમાં ઉપચાર્યશ્રી ડૉ.વસંતભાઈ ગામીત, પ્રા. ભામિની શાહ અને પ્રા. દક્ષા ટંડેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વક્તા સાથે વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા પોતાના મુંઝવતા પ્રશ્નો રજુ કર્યા હતા જેનો વક્તાશ્રીએ સરળ અને સમજી શકાય તે રીતે પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભારવિધિ ઇનોવેશન ક્લબના કો-ઓર્ડીનેટર પ્રા. ડૉ. યજ્ઞા વ્યાસે સફળતાપૂર્વક કર્યું હતું.


કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)